પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૧૪ | ૧૩ ઓક્ટોબર, ૨૦૧૮, શનિવાર; આસો સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રિટેલ ફુગાવો સપ્ટેમ્બરમાં ૩.૭૭ ટકા

**પેટ્રોલ કિંમતોની અસર રહી : ડોલર સામે રૂપિયામાં ઘટાડાની પણ અસર જોવા મળી : રિટેલ ફુગાવામાં આંશિક વધારો થયો : ઓગસ્ટમાં ૩.૬૯ ટકા સામે રિટેલ ફુગાવો વધીને ૩.૭૭ ટકા થયો**

મુંબઈ,તા. ૧૨ શેરબજાર અને ઉદ્યોગ જગતના લોકો જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે આંકડા આજે જારી કરવામાં આવ્યા હતા. સીપીઆઈ ફુગાવાનો આંકડો સપ્ટેમ્બર મહિનામાં ૩.૭૭ ટકા રહ્યો છે જ્યારે ઓગસ્ટ આઈઆઈપીનો આંકડો અપેક્ષા કરતા સારો થઈને ૪.૩ ટકાનો રહ્યો છે. ઉંચી ખાદ્યાન્ન અને ફ્યુઅલ કિંમતોના પરિણામ સ્વરુપે સીપીઆઈ રેટમાં વધારો થયો છે. રિટેલ ઈન્ફ્લેશન (સીપીઆઈ) રેટ વધીને નવી ઉંચી સપાટીએ પહોંચ્યો છે. ડોલર સામે રૂપિયાના અવમુલ્યનની પણ અસર થઈ છે. આજે સરકાર દ્વારા સપ્ટેમ્બર મહિના માટેના સીપીઆઈના આંકડા જારી કર્યા હતા. હાલમાં જ સપ્ટેમ્બર મહિના માટેના કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સાં સપ્ટેમ્બરમાં વાર્ષિક વધારાના સંદર્ભમાં સર્વેની કામગીરી હાથ ધરાઈ હતી જેમાં કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સનો આંકડો ઓગસ્ટ મહિનામાં ૩.૬૯ ટકાની સામે ચાર ટકા રહેવાની વાત કરવામાં આવી હતી. ઓગસ્ટ મહિનામાં ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશન (આઈઆઈપી)નો આંકડો ૪.૩ ટકા રહ્યો છે. એક વર્ષ અગાઉની સરખામણીમાં આ આંકડો આશાસ્પદ રહ્યો છે. જ્યારે એક વર્ષ અગાઉની સરખામણીમાં તેમાં

● અનુસંધાન પાન-૭ પર

ઓગસ્ટ થી દિવાળી કપલ/ફેમીલી/LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઈલેન્ડ
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી
દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ
સિમલા મનાલી-ડેલ-અમૃત
કુર્ગ-કબિની વાયનાડ-હસન
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા
નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા,સ્ટેડીયમ સર્કલ સી.જી.રોડ ,અમદાવાદ
26562322/24/25
M.:9427455274/9724303375/9898023955










